

P.09
આલિયાની 'જીગરા' ૩૧ વર્ષ પહેલા રીલિઝ થયેલી મહેશ ભટ્ટની હિટ ફિલ્મની રિમેક

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.09
દિલજીત દોસાંઝના કોન્સર્ટની ટિકિટ ફ્રોડ અંગે પોલીસ એક્શનમાં આવી



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૪૭ । વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો સુદ ૧૫ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 47 • Dt. 18-09-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

ફિરોઝાબાદમાં ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં ધડાકો, ૫ના મૃત્યુ



09

18
SEPTMBER- 2024
WEDNESDAY



09

દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે




## તપાસનો ધમધમાટ । દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ

# બેટ દ્વારકાના દરિયાકાંઠેથી ચરસનો જથ્થો મળી આવ્યો

। પ્રતિનિધિ, બેટ દ્વારકા,તા.૧૭ ।

ગુજરાતનો દરિયા કિનારો ધીમે ધીમે નસીલા પદાર્થોની હેરાફેરી કરતું હબ બની જવા પામ્યું છે. છેલ્લા ઘણાં દિવસોથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે. ત્યારે બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજે ૯૩.૩૦ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યુ છે.

દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકાના દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ તપાસમાં આ પેકેટમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે.

### ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો


આ મામલે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે. જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગ્સ માફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

## કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું । સવારના સમયે ભૂકંપનો આંચકો અનુભવાયો

# કચ્છમાં ફરીથી ભૂકંપના આંચકા અનુભવાયા

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૭ ।

કચ્છનાં ભચાઉ નજીક આજે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આજે સવારના ૬:૫૯ વાગ્યે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. કોઈ જાનહાનિ થવાની માહિતી મળી નથી.



કચ્છની ધરા પરથી ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું છે. બે મહિના અગાઉ કચ્છના ભચાઉમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. લોકો સૂઈ રહ્યા હતા દરમિયાન ભૂકંપનો આંચકો અનુભવાતા લોકો ભયભીત થઈ ગયા હતા. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. કોઈ જાનહાનિ થવાની માહિતી મળી નથી.૧૦ ડિસેમ્બરે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ધરતી ધ્રુજી ઉઠતા લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. ભૂકંપનો આંચકો આવતા જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ૨૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી ઉઠી હતી. ભૂકંપ આજે બપોરે ૪.૨૭ વાગે આવ્યો હતો.

વલસાડમાં ૧ ડિસેમ્બરે રિએક્ટર સ્કેલ પર ૩.૩ ની તીવ્રતાના ઉપરાઉપરી બે ભૂકંપો આવ્યા બાદ ૫મી ડિસેમ્બરે કચ્છના ખાવડાથી ૨૮ કિ.મી. ઉત્તરે સવારે ૪.૧૭ વાગ્યે ૩.૨નો ધરતીકંપ રાજ્યના સિસ્મોલોજી સેન્ટરમાં નોંધાયો હતો.



પ્રદેશ નેતાઓનો ક્લાસ લેવામાં આવ્યો

# ગુજરાતને ટૂંક સમયમાં નવા પક્ષપ્રમુખ મળશે : વડાપ્રધાન મોદીની હૈયાધારણ

### મોદીએ કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓમાં રાજ્ય પ્રશાસનને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૭ ।

ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવવાની છે ત્યારે પીએમ મોદી હૈયાધારણ આપીને ગયા છે કે રાજ્યને ટૂંક સમયમાં નવા પ્રદેશ પ્રમુખ મળશે. તેમણે કેબિનેટ વિસ્તરણ અને નવા પ્રદેશ પ્રમુખની પસંદગી અંગે મુખ્યમંત્રી અને કાર્યકારી પ્રદેશ પ્રમુખ સાથે પરામર્શ કર્યાનું ચર્ચાય છે.

ગુજરાતમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે વડાપ્રધાન મોદીએ સરકાર અને સંગઠન વચ્ચે તાલમેલ સાધીને કામ કરવા સૂચના આપી હતી. તેની સાથે તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નવા પ્રદેશ અધ્યક્ષની પસંદગી માટે શક્ય તેટલી વહેલી તકે નડ્ડા સાથે ચર્ચા કરવામાં આવશે.

ગુજરાત ભાજપના પ્રભારી કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ સાથે પક્ષમાં એક વ્યક્તિ-એક પદ લાગુ કરવા માટે ગણગણાટ વધી રહ્યો છે. આ જોતા હાઈકમાન્ડ ગુજરાતનો મામલો પોતાના હાથમાં લઈ શકે છે. મોદીએ કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓમાં રાજ્ય પ્રશાસનને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી છે. તેમણે રાજભવન ખાતેની આ બેઠકમાં વડાપ્રધાન મોદી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સ્પષ્ટ જવાબો માંગ્યા હતા.

ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી તણાવપૂર્ણ રાજકીય પરિસ્થિતિને કારણે ઘણા ધારાસભ્યો અને નેતાઓ જાહેરમાં પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. આ ઉપરાંત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરામાં પૂર અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી સમસ્યાઓ અંગે પ્રદેશ નેતાઓનો ક્લાસ લીધો હતો.

### ઓનલાઇન નંબર મેળવી ફોન કર્યો હતો

### અજાણી મહિલાએ મોકલેલી લિન્કમાં વિગતો ભરતા જ ખાતાંમાંથી પૈસા ઉપડી ગયા, સમગ્ર મામલાને લઈને પોલીસ દ્વારા તપાસ શરૂ

# તબીબની એપોઇન્ટમેન્ટ લેવાનાં નામે શિક્ષક સાથે ૯૯,૦૦૦ની છેતરપિંડી !

। બ્યુરો,જૂનાગઢ, તા.૧૭ ।

જૂનાગઢમાં રહેતા એક શિક્ષકે રાજકોટના તબીબની ઓનલાઈન એપોઈન્ટમેન્ટ માટે ગૂગલ પરથી નંબર મેળવી ફોન કર્યો હતો. અજાણી મહિલાએ મોકલેલી લિન્કમાં વિગતો ભરતા તેના ખાતામાંથી ૯૯,૦૦૦થી વધુની રકમ ઉપડી ગઈ હતી. આ અંગે ફરિયાદ થતા બી ડિવિઝન પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ શહેરના ઝાંઝરડા રોડ પર જોગીપાર્કમાં રહેતા અને બીલખા પે સેન્ટર કન્યા શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કિશોરચંદ્ર છગનલાલ દવે (ઉ.વ. ૫૮)ના પત્નીની તબીયત સારી ન હોવાથી રાજકોટના તબીબને બતાવવા નક્કી કર્યું હતું. ડો.રાજેશ તૈલીની હોસ્પિટલના નંબર ન હોવાથી કિશોરચંદ્રએ બસમાં બેઠા બેઠા ગૂગલ પરથી નંબર શોધી ફોન કર્યો હતો તેમાં સામેથી મહિલાએ 'તમારે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી પડશે' એમ કહી લિન્ક મોકલી હતી.કિશોરચંદ્રએ તેના પર વિગતો તેમજ ૧૦ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા પરંતુ તે ન થતા મહિલાએ ફરી ફોન કરી 'ઝડપથી ૧૦ રૂપિયા ફી ટ્રાન્સફર કરો નહિતર એપોઈન્ટમેન્ટ નહી મળે',એવી વાત કરી હતી. તમારૂં ટ્રાન્ઝેક્શન ફેઈલ થાય છે એ મોબાઈલ નંબર આપવા કહ્યું હતું પરંતુ કિશોરચંદ્રને શંકા જતા તેઓએ મહિલાને કોઈ માહિતી આપી ન હતી. તા. ૧૨ના કિશોરચંદ્રએ મોબાઈલમાં એપ ખોલી તપાસ કરતા તા. ૮ અને ૯ના કુલ ચાર ટ્રાન્ઝેક્શન થયેલા હતા.

### રાજ્યના પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ વડાપ્રધાનને લખ્યો પત્ર


# જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે : પૂર્વ મંત્રી

### આમ તો આ નિયમો દરેક કાર્યકર્તા કે હોદ્દેદારોને સમાન રીતે લાગુ પડે છે

। બ્યુરો,જુનાગઢ,તા.૧૭ ।

રાજ્યના પૂર્વ મંત્રી અને એક સમયના કોંગ્રેસના પીઢ નેતા જવાહર ચાવડા હવે ભાજપમાં પણ વિદ્રોહના સૂર રેલાવી રહ્યા છે. જેમાં ખાસ લોકસભા ચૂંટણી બાદ સાંસદ અને મંત્રી મનસુખ માંડવીયાને લઈને થયેલા વિવાદ બાદ ફરી તેમણે સીધી પ્રધાનમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે.

જવાહર ચાવડાએ પત્રમાં લખ્યું છે કે સત્યનો હંમેશા વિજય થાય છે આ કથા છે જુનાગઢ શહેરની. નવ વર્ષની વ્યથાની, આપણા શિસ્તને વરેલા પક્ષમાં કેટલાક નિયમો છે. આમ



તો આ નિયમો દરેક કાર્યકર્તા કે હોદ્દેદારોને સમાન રીતે લાગુ પડે છે, પરંતુ જુનાગઢ આમા અપવાદ છે.

જવાહર ચાવડાએ લખ્યું કે જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ છેલ્લા નવ વર્ષથી હોદ્દા પર છે અને આ સ્થાન પર રહી અને તેનો દુરઉપયોગ કરીને બીજા સ્થાન પ્રાપ્ત કર્યા છે. એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે, ૧. જિલ્લા પ્રમુખ ૨. બેક્રમાં પ્રમુખ ૩. માર્કેટીંગ યાર્ડમાં પ્રમુખ. બે જીલ્લાના ત્રણ તાલુકાઓના યાર્ડમાં પ્રમુખપદ ભોગવ્યું, ૧. તાલાળા ૨. વિસાવદર ૩. જુનાગઢ કદાચ ભારતમાં પહેલીવાર આટલું લોલમલોલ ચાલ્યુ હશે અને પ્રમુખ પદની મ્યુચ્યુલ ટ્રાન્ફર પણ કરી.

તેમણે જણાવ્યું કે આટલા બધા પદ એ સત્તા લાલસાની પરાકાષ્ટા છે. કેટલાક તો એકસાથે ભોગવ્યા જેથી વિવિધ વિભાગો અને સ્થાનોમાં વસૂલી કે હપ્તાખોરી કરીને ચરમસીમા વટાવી છે.

## વિવિધ દિશામાં તપાસ શરૂ ૧ લાખ ૨૦ હજારની ડુપ્લિકેટ ૫૦૦ના દરની ચલણી નોટો લઈને ફરતા એક શખ્સને દબોચી લેવાયો

# અંબાજીના મેળામાં નકલી નોટો ફરતી કરવાના કાવતરાનો પર્દાફાશ

। પ્રતિનિધિ, અંબાજી,તા.૧૭ ।

હાલમાં અંબાજીમાં મા અંબાનો ભાદરવી પૂનમનો મહામેળો ચાલી રહ્યો છે ત્યારે મેળામાં રૂપિયા ૧ લાખ ૨૦ હજારની ડુપ્લિકેટ ૫૦૦ના દરની ચલણી નોટો લઈને ફરતા એક શખ્સને એલસીબીની ટીમે ઝડપીને કાર્યવાહી કરી છે. ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં માઈ ભક્તો મા અંબાના દર્શન માટે દૂર દૂરથી આવતા હોય છે. તેવામાં સામાજિક તત્વો તેમજ ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો ચોરી જેવા ઈરાદાઓને પાર પાડવા ભીડભાડમાં ફરતા હોય છે.



લોકોની વચ્ચે પોલીસની ટીમ: જોકે આવા શખ્સોને પકડવા અને સબક શીખવાડવા માટે પોલીસ પણ આ જ ભીડમાં સિવિલ ડ્રેસમાં રહી તેમના ઈરાદાઓને નાકામ કરતી હોય છે. ત્યારે ભાદરવી પુનમના મેળામાં ડુપ્લીકેટ ચલણી નોટો લઈ ફરતો આવો એક શખ્સ ભાભર તાલુકાના બુરેઠા ગામનો એલસીબી ટીમના હાથે ઝડપાઈ ગયો છે, જેનું નામ ભરતભાઈ હરગોવિંદભાઈ પ્રજાપતિ છે. જેની પાસેથી ૫૦૦ના દરની એક લાખ વિસ હજારની ડુપ્લીકેટ ચલણી નોટો મળી આવી છે. જેની હાલ પોલીસે અટકાયત કરી લીધી છે.પોલીસે ઝડપાયેલા આ શખ્સની પૂછપરછ હાથ ધરી છે કે, ૫૦૦ના દરની ડુપ્લીકેટ ચલણી નોટો ક્યાંથી લાવ્યો અને આ ડુપ્લીકેટ ચલણી નોટો લઈને અંબાજી ભાદરવી પૂનમના મેળામાં આવવા પાછળના તમામ કારણો જાણવાના પ્રયાસો હાથ ધર્યા છે. તેમજ આ શખ્સ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ? તે દિશામાં તપાસ આરંભી છે. જોકે ભાદરવી પૂનમના મેળામાં પોલીસની સુરક્ષા જોતા શ્રદ્ધાળુઓ પણ પોલીસની કામગીરીથી ખુદ સલામત અનુભવ કરી રહ્યા છે.

આ અંગે જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાએ કહ્યું કે, ભાદરવી પૂનમના મેળામાં પોકીટમારી સહિત સામાન્ય ગુનાઓ બનતા હોય છે. જોકે બીજી તરફ પોલીસ પણ એલર્ટ રહેતી હોવાથી તેને અટકાવી શકાય છે. પોલીસને મળેલી માહિતી મુજબ ડુપ્લીકેટ ચલણી નોટો લઈ ફરતા શખ્સની અટકાયત કરાઈ છે. હાલમાં એક આરોપી છે જેની તપાસ ચાલી રહી છે.



લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## બોપલમાં હિટ એન્ડ રન, વધુ એક 'તથ્ય'એ સિક્યોરિટી ગાર્ડને કચડ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

બોપલમાં વધુ એક તથ્યકાંડ સર્જાયો છે. માલેતુજારના દીકરાએ રસ્તા પસાર થતાં સિક્યોરિટી ગાર્ડને તેની મર્સીડીઝ નીચે કચડી નાખ્યો છે. સિક્યોરિટી ગાર્ડ માટે મર્સીડીઝ જાણે યમદૂત બનીને આવી છે. અમવાદના કરોડપતિ પરિવારના માતાપિતા પોતાના સંતાનોને મોંઘીદાટ લક્ઝુરિયસ ગાડીઓ જાણે અકસ્માત કરવા આપતા હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદમાં આવા નબીરાઓ માતેલા સાંઢની જેમ ગાડી હંકારીને નિર્દોષોનો જીવ લઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના બની છે. માલેતુજાર પરિવારના સગીર દીકરાએ સિક્યુરિટી ગાર્ડનો જીવ લીધો છે.અમદાવાદના બોપલમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. એક બિલ્ડરના સગીર પુત્રએ અકસ્માત સર્જ્યો હોવાનો ખુલાસો થયો છે. સગીર કાર ચાલકે સિક્યુરિટી ગાર્ડને અડફેટે લીધો હતો. જેમાં સિક્યુરિટી ગાર્ડનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

## ૧૪ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવનાર શાહબાઝના 3 દિવસના રિમાન્ડ મંજૂર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદમાં ૧૪ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવનાર શાહબાઝ વિરુદ્ધ તપાસ તેજ કરવામાં આવી છે. તપાસના તાર ત્રણ રાજ્યો સુધી વિસ્તર્યા છે. તેમજ રાજસ્થાનના શ્રમજીવીના આધાર કાર્ડ પર અનેક બોગસ દસ્તાવેજ બનાવ્યા હતા.૧૪ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવનાર શાહબાઝ વિરુદ્ધ તપાસ તેજ કરવામાં આવી છે. તપાસના તાર ત્રણ રાજ્યો સુધી વિસ્તર્યા છે. જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશમાં રેલવે પોલીસની ટીમ રવાના થઈ છે. હર્ષિત ચૌધરી નામ ધારણ કરી શાહબાઝે ૧૪ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી હતી.જમ્મુ-કાશ્મીરના ઈસમના નામે વર્ષ ૨૦૧૯થી મોબાઈલ સિમ કાર્ડ વાપરતો હતો.જમ્મુ કાશ્મીરમાં અન્ય કોના-કોના સંપર્કમાં હતો તે દિશામાં પણ તપાસ તેજ કરવામાં આવ્યો છે. રાજસ્થાનના શ્રમજીવી હર્ષિત ચૌધરીના આધાર કાર્ડનો દુરુપયોગ કર્યો હતો.

### ભાજપના મેન્ડેટ સામે સભ્યોએ મોરચો માંડ્યો, સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો

# બનાસકાંઠામાં એપીએમસીના ૧૪ સભ્યો માટેની ચૂંટણી, મેન્ડેટ સામે પડનારા ભાજપના સભ્યોને નોટિસ અપાઈ

**ફરી એક વખત બનાસકાંઠાના રાજકારણની સમગ્ર રાજ્યમાં ચર્ચા જાગી । મોટાપાયે ઉથલ-પાથલ થવાની શક્યતાઓ**

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૧૭ ।

બનાસકાંઠા એપીએમસીના ૧૪ સભ્યો માટેની ચૂંટણી યોજાઈ હતી. લાખણી ખાતે એપીએમસીના સભ્યો માટેની ચૂંટણી યોજાઈ હતી. ભાજપના દસ ખેડૂત પ્રતિનિધિ અને ચાર વેપારી પ્રતિનિધિને મેન્ડેટ આપવામાં આવ્યા છે. ભાજપના મેન્ડેટ સામે સભ્યોએ મોરચો માંડ્યો છે. બાજપ સામે ચૂંટણી લડનારને નોટિસ આપવામાં આવી છે. ભાજપના મેન્ડેટ સામે અનેક સભ્યોએ મોરચો માંડ્યો છે. ભાજપ સામે ચૂંટણી લડનારને બોર્ડે નોટિસ ફટકારી હતી. જિલ્લા ભાજપ દ્વા તેઓને નોટિસ ફટકારવામાં આવી છે.



આ અગાઉ બનેલી ઘટનામાં ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન ગોવાભાઈ રબારી સામે માર્કેટયાર્ડના વહીવટમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાથી વર્ષ ૨૦૧૫માં ગુજરાત સરકાર દ્વારા રૂપિયા ૪.૧૧ કરોડ ઉપરાંતની વસુલાત માટે ગુજરાત હાઈકોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેની સામે ગોવાભાઈએ દાવો રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમા પીટીશન દાખલ કરી હતી. જે પીટીશન રદ કરી ડીસા કોર્ટમાં થયેલ દાવો ચલાવવા માટે આદેશ કરતા સહકારી માળખામાં હડકંપ મચી જવા પામ્યો છે.ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને ડીસાના તત્કાલીન ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ પોતાની આગળની ટર્મમાં ચેરમેન હતા તે દરમ્યાન વહીવટમાં નાણાકીય ઉચાપત, જમીન ખરીદી જેવી ગેરરીતી આચરી હતી. આથી ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગરના નિયામક દ્વારા તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫ના હુકમથી તત્કાલીન ચેરમેન ગોવાભાઈ રબારીને રૂપિયા ૪,૧૧,૧૮,૫૫૩ની અંગત જવાબદારી નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ નાણા વસુલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા તત્કાલીન જીલ્લા રજીસ્ટાર (સહકારી મંડળીઓ પાલનપુર બનાસકાઠા) ને અધિકૃત કરવામાં આવ્યાં હતાં. આથી તત્કાલીન જીલ્લા રજીસ્ટાર દ્વારા સરકાર તરફે ડીસા કોર્ટમાં સ્પેશ્યલ દાવો દાખલ કરાતાં તે દાવા સામે ગોવાભાઈ હાઈકોર્ટ ગયા હતા.ત્યારે ગુજરાત હાઈકોર્ટે પણ દાવો ચલાવવાના હુકમને માન્ય રાખતા તેઓ સુપ્રિમ કોર્ટેમાં ગયા હતા અને સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરી હતી. જેમાં સુપ્રિમ કોર્ટે તા.૨૭ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ ચેરમેન ગોવાભાઈ રબારી સામે દાખલ કરેલ રૂપિયા ૪,૧૧,૧૮,૫૫૩ ન ભરવાની પિટીશન રદ કરીને ગુજરાત સરકાર અને ગુજરાત હાઈકોર્ટના હુકમને બહાલ રાખતાં ગોવાભાઈની ચિતામાં વધારો થયો છે. ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને તત્કાલીન કોંગ્રેસી નેતા ગોવાભાઈ રબારી એ ડીસા માર્કેટયાર્ડમાં ગેરરીતી આચરી હોવાથી ગુજરાત સરકાર દ્વારા ૪.૧૧ કરોડ વસુલ કરવા માટે ડીસા કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેને સુપ્રિમ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવ્યો છે ત્યારે ડીસા કોર્ટ માં આગામી ૧૨ સપ્ટેમ્બર ના રોજ તારીખ હોઈ ત્યારબાદ કોર્ટ નો શુ હુકમ થાય છે તે જોવાનું રહ્યું પંરતું સુપ્રીમ કોર્ટ એ દાવા અંગે ની પીટીશન કાઢી નાખતા હવે ગોવાભાઈ રબારી સામે ગાળીયો ફસાયો છે.

## રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૭ ।

ગરવી ગુજરાતના પનોતા પુત્ર, વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા અને વિશ્વના સર્વાધિક લોકપ્રિય રાજનેતા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પુષ્પો અર્પણ કરીને સમગ્ર ગુજરાતના નાગરિકો વતીથી શુભકામનાઓ પાઠવી હતી.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શાલ ઓઢાડીને પ્રધાનમંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી. ગુજરાતના ધર્મ-કર્મ અનુરાગી નાગરિકો વતીથી શુભકામનાઓ પાઠવતાં તેમણે પ્રધાનમંત્રીશ્રીના સર્વાધિક યોગક્ષેમ અને સ્વસ્થ ચિરાયુષ્યની મંગલ કામના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, જીવન અને રાષ્ટ્ર પ્રત્યે આપનો દ્રષ્ટિકોણ ન માત્ર ભારતીયોને પરંતુ વૈશ્વિક સમાજને નવસ્ફૂર્તિ અને પ્રેરણા આપનારો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે શાલ ઓઢાડીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને 'જ્ઞાની પુરુષ-દાદા ભગવાન' પુસ્તક ભેટ આપ્યું હતું.

## ભુજના મોટા કપાયામાં બે પરીણિત મહિલાઓ પર દુષ્કર્મ ગુજારાયું

। પ્રતિનિધિ, ભુજ, તા.૧૭ ।

કચ્છના ભુજમાં દુષ્કર્મનો કિસ્સો સામે આવ્યો છે. મહિલાઓને બ્લેકમેઈલ કરીને દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. મહિલાઓને ફોટા વાઈરલ કરવાની ધમકી આપીને તેમના પર દુષ્કર્મ આચરવામાંઆવ્યું છે.આરોપીએ પરીણિત મહિલાના બાળકોને મારી નાખવાની ધમકી આપી હતી. મુંદ્રા પોલીસ મથકે પણ આ દુષ્કર્મને લઈને અલગ-અલગ ફરિયાદ નોંધાઈ છે. મુંદ્રાના પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. હજી ગયા મહિને જ કચ્છની ગાંધીધામ કોર્ટે સગીરા પર બળાત્કારના આરોપીને ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે. તેમજ દંડ પણ ફટકારવામાં આવ્યો છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, જો ગુનેગાર દંડની રકમ જમા નહીં કરાવે તો તેને છ મહિનાની વધારાની સાદી કેદની સજા અને દંડની રકમમાંથી ૧૫,૦૦૦ રૂપિયા પીડિતને વળતર તરીકે આપવાનો આદેશ આપ્યો છે.

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાના મત વિસ્તાર ભાવનગરમાં ગ્રીન એટીએમ શરુ થયુ

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૭ ।

રાજ્યનું સર્વપ્રથમ ગ્રીન એટીએમ આજથી ભાવનગરમાં શરૂ થયુ છે. જેમાં ગ્રાહકોને તેમના અનુકૂળ સમયે એટીએમમાંથી અનાજનો જથ્થો મળી રહેશે. ભાવનગરમાં આજથી અનાજ એટીએમ શરૂ થયુ છે. જેમાં ૧ હજાર કિલો ઘઉં અને ૧ હજાર કિલો ચોખા એક સાથે સંગ્રહ થઈ શકશે. આટલું જ નહીં પરંતુ ત્યાં ગોડાઉનની પણ સુવિધા ઉભી કરવામાં આવશે. જેમાં ૪થી ૫ હજાર કિલો અનાજ સંગ્રહ કરવામાં આવશે. આ એટીએમમાંથી રાજ્યના કોઈપણ રેશનકાર્ડ કે જેમને અનાજનો જથ્થો મળવા પાત્ર છે તે અનાજ લઈ શકશે. અનાજ એટીએમથી સરકારી અનાજ સગેવગે કરવાની ઘટના પર પણ બ્રેક લાગશે.રેશનશોપ ડીલરોની મનમાંની અને ગેરરીતિને કારણે ગરીબ લોકો વધુ હેરાન થઈ રહ્યા છે. તેના ઉકેલરૂપ સરકાર દ્વારા બેંકના એટીએમ જેમ અનાજનું પણ એટીએમ શરૂ કરવાનું વિચાર્યું હતું. ઓરિસ્સામાં આ પ્રકારનું એટીએમ છે. પરંતુ તે મશીનમાં ઓછો જથ્થો સંગ્રહ થઈ શકતો હોવાને કારણે લોકો તેનો પુરતો ઉપયોગ કરી શકતા ન હતા. જેથી વધુ જથ્થો સંગ્રહ થઈ શકે અને વધુમાં વધુ લોકો લાભ લઈ શકે છે. તે માટે અનાજ વિતરણના કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ પોતાના મત વિસ્તારમાં ગુજરાતનું પ્રથમ ગ્રીન એટીએમ ભાવનગર શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

### અજાણ્યા શખ્સોએ ખેતરમાં આવી સગર્ભાને મોતને ઘાટ ઉતારી પલાયન

# ઠાસરાના આગરવાની સીમમાં લાકડી અને કુહાડીના ઘા ઝીંકી સગર્ભાની હત્યા !!

। પ્રતિનિધિ, ડાકોર, તા.૧૭ ।

ઠાસરા તાલુકાના આગરવા ગામની સીમમાં સગર્ભાનું લાકડી અને કુહાડીના ઘા મારી હત્યા કરી દેવાઈ હતી. અજાણ્યા શખ્સો પરિણીતાની કરપીણ હત્યા કરી નાસી છૂટયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પીએમ માટે ડાકોરની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે મૃતક પરિણીતાના પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેના પગલે પોલીસે હત્યારાઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.નગીન ઉર્ફે રાહુલ તળપદા (ઉં.વ.૨૨ રહે. આગરવા. તા. ઠાસરા)એ ફરિયાદ નોંધાવી છે કે, પિતા સહિત પરિવારના ૩ સભ્યો ખેતરમાં કાકડી વિણવા ગયા હતા. બાદમાં ડાકોરમાં કાકડી વેચવા માટે આવ્યા હતા. ત્યાર પછી પતિ નગીન ડાકોર ખાતે આવેલી હોસ્પિટલમાં નોકરીએ ગયો હતો. કૌટુંબિક કાકાનો દિકરો મેહુલ ઠાકોરભાઈ દેવડાનો ફોન આવ્યો કે, તું ઘરે જા ઈમરજન્સી છે. જેથી નગીન હોસ્પિટલથી ઘરે જવા નીકળી ગયો હતો. જ્યાંથી ઘરે આવ્યા બાદ છોટુભાઈ જમાદારના ખેતરમાં જવાનું કહ્યું હતું અને પત્ની ખેતરમાં છે. જેથી બાઈક લઈને ખેતરમાં નગીન ગયો હતો. ખેતરમાં બનાવેલા ઝૂંપડા પાસે લોકોનું ટોળું એકઠું થયેલું હતું. ત્યાં તેમના પરિવારના સભ્યો પણ હાજર હતા. ટોળા વચ્ચે પત્ની કવિતા લોહી લુહાણ હાલતમાં મૃત હાલતમાં પડી હતી. તેની હાલત જોઈને પતિ નગીન ગભરાઈ ગયો હતો. જ્યાં પત્નીના કપાળની જમણી તરફ ઈજા થયેલી હતી. માથાના ભાગે પણ ઈજાઓના નિશાન હતા. જ્યારે લાશની પૂર્વ દિશામાં ઝાડ પાસે લોહીના ડાઘવાળો દંડો પણ મળી આવ્યો હતો. કુહાડી પણ પડી હતી. કોઈ અજાણ્યા શખ્સોએ કુહાડીના ઘા ઝીંકી કવિતાનું મોત નિપજાવ્યું હોવાનું જણાઈ આવ્યું હતું. કવિતાને ૯ મહિનાનો ગર્ભ હતો ત્યારે તેની હત્યા થયેલી લાશ જોઈ પતિ નગીન ભાંગી પડયો હતો. કૌટુંબિક કાકાના દિકરા મેહુલ દેવડાએ જણાવ્યું હતું કે, હું ભેંસો ચરાવવા બ્રાહ્મણવાળા ખેતરમાંથી પરત બપોરે ૩ વાગે જતો હતો ત્યારે નગીનના ખેતરમાં પાણી પીવા ગયો હતો. ત્યાં કવિતા ભાભી ઊંધા જમીન પર પડયા હતા.



## ચિકનગુનિયા, ડેન્ગ્યુ કહેર મચાવી રહ્યાં છે

# શરીરની ચામડી ઉતારી દે તેવા ભયાનક રોગની ગુજરાતમાં એન્ટ્રી, જુનાગઢમાં દેખાયો પહેલો કેસ

### લાંબા સમય બાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કાવાસાકી રોગ સામે આવતા તબીબીઓ આશ્ચર્યમાં મૂકાયા

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૭ ।

ગુજરાતમાં ચારેતરફ રોગચાળો અને ભયાનક બીમારીઓ વકરી છે. ચિકનગુનિયા, ડેન્ગ્યુ કહેર મચાવી રહ્યાં છે. આવામાં મંકીપોક્સનો ખૌફ તો છે, આ વચ્ચે રાજ્યમાં એક નવા રોગની એન્ટ્રી થઈ છે. કચ્છમાં એક ભેદી રોગે ૧૫ લોકોનો જીવ લીધો એ વાતને હજી માંડ ૧૫ દિવસ થયા છે, ત્યાં જુનાગઢમાં ભયાનક કાવાસાકી રોગ જોવા મળ્યો છે. ૯ વર્ષની બાળકી આ રોગનો ભોગ બની હતી. જોકે હવે તે ખતરાથી બહાર છે.

લાંબા સમય બાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કાવાસાકી રોગ સામે આવતા તબીબીઓ આશ્ચર્યમાં મૂકાયા છે. સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના તબીબી સ્ટાફે તેની ગંભીરતાની નોંધ લઈને ૧૬ દિવસ સુધી સારવાર આપીને બાળકીને સ્વસ્થ કરીને રજા આપી છે. સોરઠના




તાલાલાના એક પરિવારની દીકરી આ રોગના ઝપેટમાં આવી હતી. તબીબો દ્વારા ૧૬ દિવસની સારવાર તેને બચાવી લેવાઈ છે. કાવાસાકી એક ગંભીર પ્રકારની બીમારી છે. જોકે, ભારતમાં તેના બહુ જ ઓછા કેસ જોવા મળે છે. પરંતું આ બીમારી જીવલેણ છે, જેમાં જીવ જવાનો જોખમ રહેલું છે. ગંભીર પ્રકારની આ બીમારીમાં સારવાર માટેના ઈન્જેક્શન પણ મોંઘા હોય છે. એક ઈન્જેક્શનની કિંમત ૩૦ થી ૩૫ હજાર રૂપિયા છે.દરમિયાન સુરતમાં આરોગ્યની પરિસ્થિતિ એટલી બધી કથળી ગઈ છેકે, વાત હવે મહાનગર પાલિકાના કાબૂની બહાર જતી રહી છે.. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન રોગચાળાને કાબૂ કરવામાં બિલકૂલ નિષ્ફળ રહી છે.. લોકો મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાથી બીમાર પડી રહ્યા છે, દર્દીઓને હોસ્પિટલમાં જગ્યા નથી મળતી અને મનપાના અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસીને આનંદ માણી રહ્યા છે.. આ આરોપ છે પૂર્વ આરોગ્ય મંત્રીનો.. જેમણે ભાજપ શાસિત મનપાની પોલ ખોલી દીધી. રોગચાળો વકરતાં સુરત નવી સિવિલમાં દાખલ દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.. ખરેખર હાલમાં હોસ્પિટલની પરિસ્થિતિ એવી છે કે, વોર્ડની બહાર બેડ મૂકીને દર્દીઓને સારવાર આપવાની નોબત આવી પડી છે.. વરસાદ વચ્ચે તડકો આવતાં ડેન્ગ્યુના કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.. મળતી માહિતી પ્રમાણે, હાલમાં હોસ્પિટલમાં દાખલ ૧૦માંથી ૩ દર્દી ડેન્ગ્યુના છે. જયારે વડોદરામાં છેલ્લા ૧૫ દિવસમાં ડેન્ગ્યૂના કેસમાં વધારો થયો છે. છેલ્લાં પખવાડિયામાં ડેન્ગ્યૂના ૭૪ પોઝિટિવ કેસ આવ્યા છે. ડેન્ગ્યૂના કેસ વધતા સયાજી હૉસ્પિટલમાં વોર્ડ શરૂ કરાયો છે. ૨૮ બેડનો એક વોર્ડ શરૂ કરવામાં આવ્યો. ડેન્ગ્યૂની સાથે ઝાડા-ઉલટી, મલેરિયા, તાવના કેસમાં વધારો થયો. સરકારી હૉસ્પિટલની ઓપીડીમાં દર્દીઓનો ધસારો વધ્યો.

## વાંકાનેર સ્થાનિક પોલીસ,એલસીબી અને એસઓજી ટીમોએ તપાસ ચલાવી

# ગુનાહિત સંગતનો કરુણ અંજામ, બે મિત્રોએ યુવકને મોતને ઘાટ ઉતાર્યો

। પ્રતિનિધિ, મોરબી, તા.૧૭ ।

ગત ૧૫ સપ્ટેમ્બરના રોજ સરધારકા ચેકડેમમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો મળી આવતા પોલીસ ટીમ દોડી ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. વાંકાનેર સ્થાનિક પોલીસ,એલસીબી અને એસઓજી ટીમોએ તપાસ ચલાવી અને મૃતકની માતા સુધી પહોંચી હતી. મૃતક રાજેશ પ્રેમજી સોલંકી શક્તિપરા વાળા હોવાનું ખુલ્યું હતું.

આ અંગે વધુ તપાસ કરતા માહિતી મળી કે મૃતક રાજેશને આરોપીઓ જીતેન્દ્ર રબારી અને ભાવેશ ડાભી સાથે ગત ૧૩-૧૪ સપ્ટેમ્બરના મોડી રાત્રીના બોલાચાલી અને ઝઘડો થયો હતો. જે ઝઘડા બાદ આરોપી જીતેન્દ્રએ મૃતકના માથાના પાછળના ભાગે કડાથી ૪-૫ ઝાપટ મારી ઈજા કરી અને બાઈકમાં બેસાડીને અપહરણ કરી ગયા હતા. મૃતકને પાણીના ખાડામાં ડુબાડી દેવાનો પ્લાન હતો, પરંતુ હજુ થોડો જીવ હોવાથી મોટો પથ્થર મારી હત્યા કરી હતી. બાદમાં સરધારકા નજીકના ચેકડેમમાં મૃતદેહ ફેંકી નાસી ગયા હતા.ડીવાયએસપી એસ. એચ. સરડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, મૃતક યુવાન અને બંને આરોપીઓ મિત્રો હતા અને ગુનાહિત માનસિકતા ધરાવતા હતા. રેલવે સ્ટેશન પાસે બુટ પોલીસ અને અન્ય કામો સાથે કરતા હતા.

# રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાતા ચકચાર

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. શિક્ષણ સંસ્થામાં જ નશાના કાળો કારોબાર થઈ રહ્યું હોવાની બાતમીના આધારે એથલેટિક ગ્રાઉન્ડ પાસે દારૂની ભઠ્ઠી હોવાનું જાણી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે તેમજ એક બૂટલેગરની ધરપકડ કરી છે.

દારૂબંધીના દાવા દરરોજ પોકળ થતા રહ્યાં છે. આજનો યુવા દારૂ, ચરસ, ગાંજા વગેરે માદક પદાર્થોના નશાના રવાડે ચડી પોતાની અને પરિવારની જીંદગી જોખમમાં મૂકી દે છે. યુનિવર્સિટી એટલે બારમું ધોરણ પાસ કર્યા બાદ સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવી જીવનમાં ઊંચાઈઓ પ્રાપ્ત કરવાની સંસ્થામાં જ જો આજનો યુવા સરેઆમ નશાના ચુંગાલમાં ફસાઈ જાય છે ત્યારે શિક્ષણ સંસ્થા કેવી રીતે આંખ આડા કાન કરે છે તે મોટો સવાલ ઊભો થયો છે.






## તંત્રી લેખ..

# સારવાર પર વધુ ખર્ચ

કોરોનાની મહામારીમાંથી વિશ્વના દેશો હજુ બહાર નિકળી શક્યા નથી. છેલ્લા ત્રણ વર્ષથી આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે. દુનિયાના કોઈ દેશ આ બિમારીથી બચી શક્યા નથી. આ મહામારીના કારણે દુનિયાના દેશોના લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થઈ ગયા છે. જેના કારણે પોતાના શરીર પર વધારે ધ્યાન આપી રહ્યા છે. સારવાર પર વધારે ખર્ચ કરતા થયા છે. થોડાક સમય પહેલા વિશ્વ આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કર્યો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે.હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી હતી. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે.

# 'રાષ્ટ્રીય' નાગરિક સેવા તરફ - 'ભાવના વૃક્ષ'

સિવિલ સર્વિસ ડે, દર વર્ષે ૨૧ એપ્રિલે ઉજવવામાં આવે છે, તે રાષ્ટ્રીય નાગરિક સેવાના વિચારનો એક ઉત્સવ છે. મણિબેન પટેલે તેમની ડાયરીમાં લખ્યું છે, "બાપુએ દિલ્હીમાં નવી સેવા ભરતી શાળાનું ઉદ્ઘાટન કર્યુ." તે એક હૃદયસ્પર્શી ક્ષણ હતી. સરદાર પટેલે ૧૯૪૭માં "સંપૂર્ણ ભારતીય અધિકારી" સાથે અને સંપૂર્ણપણે ભારતીય નિયંત્રણ હેઠળ નવી રચાયેલી ભારતીય વહીવટી સેવા શરૂ કરી. ... ભૂતકાળની પરંપરાઓ અને દુષ્પ્રભાવો વિના, રાષ્ટ્રીય સેવાની તેની સાચી ભૂમિકાને સ્વીકારવા માટે સ્વતંત્ર." તેમણે એક મૂળ મંત્ર આપ્યો જે દરેક સિવિલ સર્વિસ અધિકારીને પ્રેરણા આપી શકે છેઃ "આપણને ભારતમાં દરેક સિવિલ સર્વિસ ઑફિસર પાસેથી સર્વશ્રેષ્ઠની અપેક્ષા રાખવાનો અધિકાર છે, પછી ભલે તે કોઈ પણ જવાબદારીના હોદ્દા પર કેમ ન હોય. એ તમારા માટે નથી કે તમે તમારું કામ વિશુદ્ધ રીતે કોઈ બીજાના દૃષ્ટિકોણથી કે સંપૂર્ણ સ્વાર્થથી વશીભૂત થઈને કરો, પછી ભલેને એ અધિકારી ગમે તેટલો પ્રબુદ્ધ કેમ ન હોય. તમારો સૌથી પહેલો વિચાર એ હોવો જોઈએ કે સમગ્ર ભારતનાં કલ્યાણમાં કેવી રીતે યોગદાન આપી શકાય." તેથી, સરદાર પટેલનાં વાક્યાંશ 'સ્ટીલ ફ્રેમ'ને એક કઠોર, પ્રતિબંધાત્મક અને નિયમબદ્ધ સંસ્થાનવાદી અમલદારશાહીના નકારાત્મક અર્થ સાથે જોડવું હાસ્યાસ્પદ છે. બ્રિટિશ પ્રધાનમંત્રી ડેવિડ લૉઈડ જ્યોર્જ દ્વારા ૧૯૨૧ની કૉમન્સ ડિબેટમાં ઈમ્પિરિયલ સિવિલ સર્વિસ (ૈંઝ્રજી)નાં વર્ણન દરમિયાન સિવિલ સર્વિસની લોકપ્રિય સંસ્કૃતિ અને સ્વ-વિભાવના બંનેને વ્યાખ્યાયિત કરવા માટે 'સ્ટીલ ફ્રેમ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેથી, રાષ્ટ્રીય નીતિમાં મૂળ ધરાવતી સિવિલ સર્વિસ તૈયાર કરવાની શરૂઆતની સરકારોની ચિંતાઓ ધ્યાન-કેન્દ્રથી વિચલિત થઈ ગયું કારણ કે તે દેશ-વિભાજનનો અશાંત સમય હતો. આ કામ અધૂરું રહી ગયું. ભારતની સ્વતંત્રતાનાં ૭૫મા વર્ષમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં સંબોધનથી સિવિલ સર્વિસીસ માટે ભારતીય નીતિને વ્યાખ્યાયિત કરવાનું કાર્ય શરૂ થયું, જ્યાં તેમણે ભારતને 'અમૃત મહોત્સવ'માંથી 'અમૃત કાલ' તરફ લઈ જવા માટે દેશનું વિઝન અને 'પંચ પ્રણ' - પાંચ સંકલ્પોની વ્યાખ્યા આપી. બીજો સંકલ્પ, એટલે કે સંસ્થાનવાદી માનસિકતાનો અંત લાવવા માટે, સ્વ-પરિકલ્પનાનું પુનઃનિરીક્ષણ અને નાગરિક સેવાઓ સાથે સંકળાયેલ સંસ્થાનવાદી કાર્ય-સંસ્કૃતિને દૂર કરવાની જરૂર છે. એક પ્રતિબિંબની શક્તિ અને સકારાત્મક દૃષ્ટિ, બંને મુક્તિદાયક છે અને સુધારો કરવા માટે સક્ષમ છે. લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઑફ એડમિનિસ્ટ્રેશન (ન્મ્જીદ્ગછછ) એ સિવિલ સર્વિસીસને જીવંત સંસ્થા - પીપલ વૃક્ષ - તરીકે પ્રસ્તુત કરી જેણે અનાદિ કાળથી આપણી સંસ્કૃતિની દ્રષ્ટિને જીવંત બનાવી છે. સિવિલ સર્વિસ, 'ભાવના વૃક્ષ'નાં રૂપમાં, "સેવા અને સહાનુભૂતિ"નું એક વૃક્ષ છે. આમ, તે આત્મ-આશ્વાસન અને સંસ્થાનવાદની ભાવનાથી મુક્તિની સકારાત્મક પુનઃપુષ્ટિ છે. નાગરિકોનાં કલ્યાણમાં સ્વર્ગ જેવો આરામ શોધવા માટે પ્રેરક કુળદેવતા, શકિતશાળી સ્વર્ગારોહિણીની અગ્રભૂમિમાં સ્થાપિત એકેડેમી, ભાવના વૃક્ષની એક પ્રતીક તરીકે કલ્પના કરે છે, જે નિઃસ્વાર્થ સેવા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાના કાલાતીત ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. અમૃત કાલ માટે એક આદર્શ નાગરિક સેવા અધિકારીની વિભાવના અને વિશેષતાઓ સૌપ્રથમ વાર પ્રધાનમંત્રી દ્વારા ૩૧ ઑક્ટોબર ૨૦૧૯ના રોજ સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રતિપાદિત કરવામાં આવી હતી. આ છે - (૧) સક્રિય અને વિનમ્ર (૨) વ્યવસાયિક અને પ્રગતિશીલ (૩) ઊર્જાવાન અને સક્ષમ (૪) પારદર્શક અને તકનીકી-સક્ષમ (૫) રચનાત્મક અને સકારાત્મક (૬) કલ્પનાશીલ અને નવીન. ભવિષ્ય માટે તૈયાર સિવિલ સર્વિસના વિચારમાં સમગ્રતા છે. 'ભાવના વૃક્ષ'ની નૈતિકતાની સ્મૃતિમાં "સેવાનો માર્ગ" છે, જેને એકેડેમીના આઈકોનિક ડિરેક્ટર્સ સ્ક્વેરની ચારે તરફ બનાવવામાં આવ્યો છે. આ માર્ગ કાલક્રમિક રીતે વ્યવસ્થિત, સારી રીતે બંધ ટાઈમ કેપ્સ્યુલ્સની એક શ્રેણી છે, જેમાં ૨૦૨૧થી શરૂ થતા અને ૨૦૪૭માં સમાપ્ત થનારા સિવિલ સર્વિસના તાલીમાર્થીઓના ક્રમિક બેચના હેતુના નિવેદનોને સમાવિષ્ટ કરવામાં આવી રહ્યા છે. આ પ્રતિબદ્ધતા નિવેદનો ૧૫ ઑગસ્ટ, ૨૦૪૭ના રોજ વિકસિત ભારત હેઠળ ભારતીય સદીની પરોઢે અનાવરણ માટે સાચવવામાં આવી રહ્યાં છે. 'ભાવના વૃક્ષ' માટે - પોતાના માલિક, એટલે કે ભારતનાં લોકોના એક સક્ષમ સેવક તરીકે પોતાને મુક્ત કરવાનો દિવસ. આમ, અગાઉના વસાહતી 'સ્ટીલ ફ્રેમ'ના દૃષ્ટાંતને બાજુએ મૂકીને અને સરદારનાં આહ્વાનને સાકાર કરતા, "...હવે, તમે તમારાં પોતાનાં લોકોની સેવા કરી રહ્યા છો. તેથી હવે, તમે તમારાં હૃદય, મન અને આત્માથી સેવા કરી શકો છો... તમે તમારાં લોકોની સેવા કરીને સાચા અર્થમાં ભારતીય હશો."

લેખક
**શ્રીનિવાસ કટિકિથલા,**
ડાયરેક્ટર, એલબીએસએનએએ

---



**આજકાલ**
લેખક : દીપક જગતાપ

**૨૩ મી એપ્રિલ : વિશ્વ પુસ્તક દિવસ**

**પુસ્તક એટલે વ્યક્તિનાં વિચારોનું વસિયતનામું અને લેખકના દિલનો દસ્તાવેજ - કાકાસાહેબ કાલેલકર । આજના ડિજિટલ યુગમાં પણ પુસ્તકોનું મહત્વ ઓછું થયું નથી. પુસ્તકો જ આ વિશ્વને પ્રેરણા આપી શકે છે.**

# પુસ્તકોના વાંચનથી જીવનમાં નવી દ્રષ્ટિ ઉઘડે છે, અને નૂતન વિચારોના દ્વાર ખુલે છે

**આજે ૨૩ મી એપ્રિલ વિશ્વભરમાં ૧૦૦ કરતાં પણ વધુ દેશોમાં વિશ્વ પુસ્તક દિન તરીકે ઉજવાઈ રહ્યો છે. માનવજાતના સામાજીક અને સાંસ્કૃતિક વિકાસમાં લેખકોએ આપેલા યોગદાન પ્રત્યે નવી પેઢીમાં જાગૃતિ આવે,અને લોકોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની જાગૃતિ આવે એ વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો હેતુ છે.**

મહાન નાટયકાર અને પ્રખર સાહિત્ય સર્જક વિલિયમ શેકસપિયરનો જન્મ ૨૩ મી એપ્રિલે થયો હતો અનેએ જ દિવસે તેઓ અવસાન પામ્યા હતા .આથી યુનેસ્કો દ્વારા ૧૯૨૫ થી દર વર્ષે ૨૩ એપ્રિલે સમગ્ર વિશ્વમાં "વિશ્વ પુસ્તક દિન" ઉજવવાનું જાહેર કર્યુ છે .આજના દિવસને સાથો સાથ વિશ્વ કોપીરાઈટ દિવસ તરીકે પણ ઉજવાય છે . માનવજાતના સામાજીક અને સાંસ્કૃતિક વિકાસમાં લેખકોએ આપેલા યોગદાન પ્રત્યે નવી પેઢીમાં જાગૃતિ આવે,અને લોકોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની જાગૃતિ આવે એ વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો હેતુ છે. આ દિવસે સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણીમાં પ્રકાશકો પણ ભાગ લે છે, અને લેખકો પ્રત્યેની તેમની લાગણી પ્રદર્શિત કરે છે.તેમજ ભારતમાં અગ્રગણ્ય લાઈબ્રેરીઓ દ્વારા વાંચન પ્રત્યેની રૂચિ વધારતા કાર્યક્રમો યોજવામાં આવે છે.

વર્તમાન યુગ એ જ્ઞાન અને માહિતીનો યુગ છે. જ્ઞાનના ફેલાવા માટે જો કોઈ સૌથી વધુ શક્તિશાળી માધ્યમ હોય તો તે પુસ્તકો છે. આજના ઈન્ફર્મેશન યુગમાં પણ પુસ્તકોનું મહત્વ ઓછું થયું નથી. પુસ્તકો જ આ વિશ્વને પ્રેરણા આપી શકે છે. સમજણ, સહનશીલતા અને સંવાદ માટે સામાજિક જાગૃતિનું કામ પુસ્તકો જ કરે છે. પુસ્તકોની મૈત્રી માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પાડે છે પુસ્તકો દ્વારા સારા નાગરિકોનું ઘડતર કરી શકાય છે. મનુષ્યોનો આંતરિક વિકાસ કરવામાં પુસ્તકો મહત્વનો ભાગ ભજવે છે. વિચારશીલ પુસ્તકોના વાંચન થકી જ ઉચ્ચ સામાજીક મૂલ્યો હાંસલ કરી શકાય છે. પુસ્તકોના વાંચનથી જીવનમાં નવી દ્રષ્ટિ ઉઘડે છે, અને નૂતન વિચારોના દ્વાર ખુલે છે. ભૂતકાળમાં થયેલી ઘણી રાજકીય ક્રાંતિઓના પાયામાં નવા વિચારવાળા પુસ્તકોનો મહત્તમ ફાળો હતો.ઈ-મેઈલ અને ઈન્ટરનેટના સમયની શરૂઆતમાં એવી ભીતિ સેવવામાં આવતી હતી કે, પુસ્તક વાંચન નામશેષ થઈ જશે. પરંતુ, સમયની સારણીમાં તવાઈને પુસ્તકવાંચન વધુ સુદ્રઢ બન્યું છે. નવી પેઢી વાંચન પ્રત્યે વધુ સજ્જ બની છે. ઘણા પુસ્તકો બેસ્ટસેલર બનતા રહયા છે, એ જ સૂચવે છે કે, વાંચનથી વિમુખ થવાને બદલે ઉલ્ટાની લોકોની વાંચન પ્રત્યેની રૂચિ વધી છે.




સ્પેનમાં આવેલા કેટેલીના પરગણાથી આ ઉજવણીની શરૂઆત થઈ હતી. વાચકો તેમના પ્રિય લેખકોને ૨૩ એપ્રિલે ફુલોના બુકેથી નવાજતા, અને પરસ્પર પુસ્તકો ભેટ આપતા. પોતાના માનીતા લેખકો પ્રત્યેનું ઋણ અદા કરવા માટે યુ.કે. અને આર્યલેન્ડમાં ૨૩ એપ્રિલને બદલે પાંચમી એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ ઉજવાય છે. આ બંને દેશોમાં બાળકોને આ ઉજવણીમાં ખાસ સામેલ કરવામાં આવે છે. જેથી તેઓમાં નાનપણથી જ વાચન પ્રત્યે રૂચિ કેળવાય. આજે ટી.વી. , કોપ્યુટર , ડીવીડી તેમ જ ઈન્ટર જેવાં ઉપકરણોનો વપરાશ વધ્યો છે એથી પુસ્તકો ખરીદીને વાંચવાની વૃતિ જો કે ઘટી હોય એમ જણાય છે . એમ છતાં પુસ્તકોની અગત્યતા તો સદા રહેવાની જ છે .આજે પુસ્તકોનાં મોટા પ્રમાણમાં પ્રકાશનો થતાં રહે છે અને આજે પણ ઘણા પુસ્તક લેખકોનાં પુસ્તકો બેસ્ટ સેલર તરીકે પોંખાય છે , નોબેલ તેમ જ પુલિત્ઝર જેવાં વિશ્વ માન્ય પુરસ્કારોથી લેખકોનું સન્માન કરવામાં આવે છે .

જ્યારે કાગળની શોધ થઈ ન હતી ત્યારે પણ આપણો અમર આધ્યાત્મિક વારસો તામ્ર પત્રોમાં સચવાયો છે .ગુજરાતમાં ગુજરાતી ભાષાના લેખકોની આગેવાની નીચે " વાંચે ગુજરાત " નામે પુસ્તકોના પ્રચારમાટેની ઝુંબેશ ચલાવવામાં આવી હતી એનું સ્મરણ થાય છે .

એ વખતે ડૉ . ગુણવંત શાહે એક સુંદર સુચન કર્યું હતું કે કોઈના લગ્નપ્રસંગે, મેરેજ એનિવર્સરી જેવા પ્રત્યેક નાના-મોટા પ્રસંગે આપને જે ભેટસોગાદ આપીએ છીએ એને બદલેનાના-મોટા પ્રસંગે આપને જે ભેટસોગાદ આપીએ છીએ એને બદલે કોઈ સારું મનગમતું પુસ્તક ભેટમાંઆપવાની પ્રથા ચાલુ થાય એ ખુબ જરૂરી છે . પુસ્તકો અંગે આ વિશ્વ પ્રસિદ્ધ સાહિત્યકારો શુ કહે છે તે પણ જાણીએ...

આલ્બેર્ટો મોરાવીયાકહે છે કે "પુસ્તકોનો પ્રચાર જો ઓછો થતો હોય, તો તેનું કારણ એ નથી કે વિશાળ જનસમુદાય પુસ્તક વાંચતો નથી; એનું કારણ એ છે કે પ્રજા પાસે જે પુસ્તકો આવે છે તે "લખાયેલાં" નથી હોતાં, પણ માત્ર "છપાયેલાં" જ હોય છે. કોઈ પણ પુસ્તક વંચાય તે માટે પ્રથમ તો એ ખરેખર "લખાયેલું" હોવું જોઈએ. પુસ્તક વિચારાયું પણ હોવું જોઈએ, એનું સાચેસાચ સર્જન થયું હોવું જોઈએ. પુસ્તકનું ભાવિ તેના લેખનની કાવ્યમયતા સાથે, આલેખનશક્તિ અને કલ્પનાશીલતા સાથે સંકળાયેલું છે. પુસ્તક "લખવા"માં જો આપણે સફળ થઈશું, તો તેનું ભાવિ નિશ્ચિત છે; પણ જો તેને માત્ર છાપીને જ આપણે સંતોષ માનશું, તો એ નાશ પામશે." બર્નાર્ડ રસેલ કહે છે કે " હું એ દિવસની રાહ જોઉં છું જ્યારે દીવાન ખાનામાં ફર્નીચર જેટલી જ સત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે . મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે . વિનય, વિવેક ,પ્રફુલ્લતા , બધાનું મુલ્ય છે જ પણ આ ગુણોના વર્ધનમાં સત સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું નથી .જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે એમના માટે સારાં પુસ્તકો એક મહત્વની મૂડી બની જાય છે ."— કલાપી એવુ કહે છે કે જીવીશ, બની શકે તો, એકલાં પુસ્તકોથી. મિલ્ટને કહ્યું છે કે " પુસ્તકોમાં આત્માનું જીવન છે, કેમ કે, એમાં જીવનનો વિચાર સાર રહેલો છે." ગ્રંથો સજીવ છે એટલે જ મિલ્ટનેએમ પણ કહ્યું છે, "પુસ્તકોમાંઆત્મા હોય છે. સંદગ્રંથોને કદી નાશ થતો નથી." સિસરોએ કહ્યું છે, " ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે." એટલે કે ઉત્તમ પુસ્તકોને અભાવે મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે. જ્ઞાન વગરનું જીવન મડદા જેવું નકામું હોય છે. રત્નથીય વિશેષ છે. રત્ન બહારથી ચમક આપે છે જ્યારે પુસ્તક તો અંતઃકરણને અજવાળે છે." જે વ્યક્તિના ઘરમાં પુસ્તકોનો સંગ્રહ નથી, એ ઘર નથી પણ સ્મશાન છે. સ્વામી વિવેકાનંદ પુસ્તક વિષે કહ્યું છે કે " પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોચવાનો પરવાનો છે. જે સુખ તમને અનંત સમૃદ્ધિ કે મહેલોમાંથી નહિ મળે શકે તે સુખ ઉત્તમ પુસ્તકોમાંથી મળશે"

પ્રગતિશીલ જીવન માટે પુસ્તકોનો સાથ ઘણો જરૂરી છે, કેમ કે પુસ્તકો દ્વારા જ જીવનનું માર્ગદર્શન અને પ્રેરણાપ્રકાશ મળે છે. ઉત્તમ પુસ્તકોમાં ઉચ્ચ વિચારો હોય છે. ઉત્તમ વિચાર, ઉચ્ચ ભાવનાઓ અને કલ્પનાઓ જ્યાં હોય છે, ત્યાં સ્વર્ગ છે. લોકમાન્ય તિલકે કહ્યું છે, " હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે." સ્વર્ગનું અસ્તિત્વ કોઈએ જોયું નથી. મનુષ્યની ઉચ્ચ માનસિક સ્થિતિ કે જે ઉત્તમ વિચારોનું ફળ છે, તે જ સ્વર્ગ છે. ઉત્તમ પુસ્તકોનું સાનિધ્ય મનુષ્યની બુદ્ધિને જ્યાં પ્રાપ્ત થાય છે ત્યાં એને સ્વર્ગની અનુભૂતિ થવા લાગે છે. સાચો સ્વાર્થ રહિત આત્મીય મિત્ર મળવો મુશ્કેલ છે. સારાં પુસ્તકો સહેજે આપણાં મિત્ર બની શકે છે. તેઓ આપણને સાચો રસ્તો બતાવે છે, જીવનપંથ પર આગળ વધવામાં આપણને સાથ આપે છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે, " સારાં પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રની ગરજ સારે છે. "

પુસ્તકો મનને એકાગ્ર કરવા અને સંયમિત બનાવવા માટેનાં સરળ સાધન છે. અભ્યાસ કરતાં કરતાં મનુષ્ય જીવનની સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. એકવાર લોકમાન્ય તિલકનું ઓપરેશન થઈ રહ્યું હતું, એને માટે એમને ક્લોરોફોર્મ સૂંઘાડીને બેભાન કરવાના હતા, પરંતુ એને માટે તેમણે ડૉક્ટરને ના પાડી અને કહ્યું, " મને એક ગીતાનું પુસ્તક લાવી આપો હું એને વાંચતો રહીશ અને તમે ઓપરેશન કરી નાંખજો. ગીતા લાવી આપવામાં આવી. લોકમાન્ય એનો અભ્યાસ કરવામાં એવા તલ્લીન બની ગયા કે ડૉક્ટરોએ ઑપરેશન કર્યું ત્યાં સુધી જરા પણ હાલ્યા પણ નહીં તેમજ તેમને જરાય દુઃખ માલુમ પડ્યું નહીં. પુસ્તકો વાંચવામાં આવી એકાગ્રતા થાય છે, જે લાંબી યોગ સાધનાઓ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાતી નથી.

યાદ રાખો કે પુસ્તકો જાગૃત દેવતા છે, એના અધ્યયન, ચિંતન, મનન દ્વારા, પૂજા કરીને તરત વરદાન મેળવી શકાય છે. આથી આપણે નિયમિત સદગ્રંથો વાંચતા રહેવું જોઈએ. ઉત્તમ પુસ્તકોના એકાગ્રપૂર્વક વાંચનને જીવનનું જરૂરી અંગ બનાવવું જોઈએ.

---



**મન ઉપવન**
મુકેશ આંજણા

**ફુલ મુક્ત રીતે ખીલે છે તેવી રીતે માણસનું જીવન ખીલતું નથી.**

**દંભ થોડીક ક્ષણ માટે હોય છે, હૃદયથી સમજણનો એકવાર પણ સ્પર્શ જઈ જશે ત્યારે માનવી સમજણતાનાં કિનારે પહોંચી જશે. ૨૧મી સદીની મોટા ભાગની કરામત કોમ્પ્યુટર પર આવીને અટકી છે. યંત્રવાદની શરૂઆત થઈ ત્યારથી માણસમાં વિશ્વાસની લહેર ખૂટતી ગઈ છે**

# દંભમાંથી બહાર આવો, નૈસર્ગિક બનીને જીવો

**યંત્રવાદની શરૂઆત થઈ ત્યારથી માણસમાં વિશ્વાસની લહેર ખૂટતી ગઈ છે. ૨૧મી સદીની કડવી વાસ્તવિકતા તો એ છે. કોમ્પ્યુટર પર વિશ્વાસ સંપૂર્ણ રીતે છે.**

આધુનિક માણસ બનાવટી જીવનમાં સપેડાતો જાય છે. માણસના અસ્તિત્ત્વમાં ઘણી બધી ખામીઓ આવી રહી છે. તેથી ત્યાગ, સમર્પણ ભાવનાનો છોડ હૃદયમાં ઉગે તે પહેલા જ કામનાં બોજ હેઠળ આવી જાય છે. માણસે આધુનિકતાનો અર્થ ભેગુ કરવા અને ફેશનેબલ બનવામાં લીધો છે. જે લોકો જીવનના પાયામાં કામ ભરી નાખ્યું છે તેઓ તાણનાં, અશાંતિનાં ભોગ બન્યાં છે. જીવનનું જોડાણ ઉત્સવ સાથે છે. માણસનું શરીર એ કુદરતે આપેલું રૂડું-રૂપાળું ઘર છે. આ રૂડા-રૂપાળા ઘરની ખિદમત કરવી એ માણસની ફરજ છે. આખું ઘર ગંદા વિચારોથી સડી જાય છતાં માણસ જાગતો નથી. માણસમાં ગંદા વિચારો સ્થાન લેવામાંડે ત્યારે જડતામાં વધારો થાય છે. જડતા હોય ત્યાં દંભ વધારે હોય છે. માણસનાં આખે-આખા શરીરની આજુબાજુ ઉપર છલ્લો શણગાર વધ્યો છે. હૃદયની સુંદરતાનાં નામે શૂન્ય છે. હૃદયનો શણગાર ન હોય ત્યાં સુધી માણસ ભ્રમની દુનિયામાં જીવતો હોય છે, અહંકારની ચાદર ઓઢીને ફરતો હોય છે. અહંકાર શરાબ કરતા પણ ખતરનાક વસ્તુ છે. આદર્શતા હશે ત્યાં રમ્ય જીવન હોય છે. માણસનાં જીવન પર ગંદકીનો કાટ લાગ્યો તેનું કારણ માત્ર અણસમજણ છે. હૃદયની સમજણ આવશે ત્યારથી ખોટા દંભો ચાલ્યા જશે. અને આદર્શ વિચારનાં અંકુર ફૂટી નીકળશે અને જીવનની મૌલિકતામાં વધારો થશે, અંદરથી માણસ મજબૂત થશે. મહાન વિચારક ખલિલ જિબ્રાને વિશ્વ વિખ્યાત પુસ્તક 'ધ પ્રોફેટ'માં લખ્યું છે. તમારા કાન તમારા હૃદયમાં રહેલા જ્ઞાનનો ધ્વનિ સાંભળવા તલસે છે. જે તમે વિચારમાં સદાયે જાણતા આવ્યા છો, તેને તમે ભાષામાં જાણવા ઈચ્છો છો. સ્વપ્નમાં દેખાતાં તમારા ખુલ્લી શરીરને તમારે આંગળીઓ વડે ઈચ્છવું એ ઠીક છે. તમારા આત્મામાં રહેલા ગુપ્ત ઝરાએ બહાર ફૂટી દરિયા તરફ કલરવ



કરતા વહેવું જ ઘટે. અને તમારા અનંત ઊંડાણમાં રહેલો ભંડાર તમારી આંખોને દેખાવો ઘટે, હૃદયનાં તારનાં અવાજ બરાબર જાણી શકે તે ચોક્કસ પરિવર્તન તરફ ગતિ કરે છે અને જીવનનાં અસ્તિત્ત્વનો ખ્યાલ રાખે છે. માણસને જુઠા દંભમાંથી બહાર આવવાની જરૂર છે અને વાસ્તવિકતા તરફ ડગ માંડવાની જરૂર છે. સાચ્ચું હંમેશા હીરા જેમ અવિરત ચમકતું હોય છે. દંભ થોડીક ક્ષણ માટે હોય છે, હૃદયથી સમજણનો એકવાર પણ સ્પર્શ જઈ જશે ત્યારે માનવી સમજણતાનાં કિનારે પહોંચી જશે. ૨૧મી સદીની મોટા ભાગની કરામત કોમ્પ્યુટર પર આવીને અટકી છે. યંત્રવાદની શરૂઆત થઈ ત્યારથી માણસમાં વિશ્વાસની લહેર ખૂટતી ગઈ છે. ૨૧મી સદીની કડવી વાસ્તવિકતા તો એ છે. કોમ્પ્યુટર પર વિશ્વાસ સંપૂર્ણ રીતે છે. મામણ પર વિશ્વાસ નથી. માણસ પર વિશ્વાસ હોય તો પણ શંકાસ્પદ હોય છે. શંકા હોય ત્યાં ખરો સંબંધ કેળવાતો નથી એટલે ખરો સંબંધ ન હોય ત્યાં સાચ્ચી લાગણી હોતી નથી. ભૂતકાળનાં લીસોટા ભૂંસાયા નથી. આપણે બધા માત્ર ભૂતકાળ તરફ મીટ માંડીને બેસી રહીએ છીએ. એમાંથી કશું શીખતા નથી. ખેર, માણસનાં જીવનમાંથી ઘણી બધી વસ્તુ ખોવાઈ ગઈ છે. આપણો બદલ્યો છે તે ખરી વાત છે પરંતુ માણસની મોટી તકલીફ એ ઉભી થઈ છે કે વાસ્તવિકતાપણું, ખોવાઈ ગયું છે. અમેરિકામાં મહાન લેખક એલવીન ટોફલર થઈ ગયા. ૩ ઓક્ટોબર ૧૯૨૮માં જન્મેલો આ મહાન લેખકે દુનિયાની ચિંતા કરી છે. એક જોરદાર પુસ્તક લખ્યું છે. **'The Third Wave'** (ત્રીજું મોજું) એલવીન ટોફલરની ભવિષ્ય વેતા તરીકે ગણના થતી ટોફલર લખે છે, "આજે સૌથી મોટી કટોકટી સર્જાઈ છે, તે માનવ-વ્યક્તિત્ત્વની આ કટોકટી તેના સૌથી વધુ ઉગ્ર સ્વરૂપમાં અમેરિકામાં જોવા મળે છે. તેના શિકાર બનેલાઓ રહસ્યવાદ પાછળ દોડે છે. જાત જાતની કામક્રિડાઓનો આશરો લે છે અને બીજાયે અનેક નુસખા અજમાવે છે. પરિવર્તન માટે તેઓ તલપાપડ છે. છતાં પરિવર્તનથી ડરે છે. પોતાની વર્તમાન સ્થિતિથી તત્કાળ છૂટીને તેઓ કોઈક નવા જીવનમાં કૂદકો મારવા માગે છે. એમને પોતાનો કામ ધંધો, પોતાના જીવનસાથી, પોતાની જવાબદારીઓ, બધું જ બદલવું છે. તેઓ કાંઈક નવી જીવનશૈલી ઝંખે છે, માણસે પોતાનું હોવા પણું ગુમાવ્યું તેનાથી માણસ-પણાની ગેરહાજરી હોય છે. યંત્રના તાબા હેઠળ આવવાથી ઓરિજનાલિટી માણસમાં રહી નથી. માણસનાં હાથમાંથી કુદરતી જીવન જતું રહ્યું છે. સવારમાં પક્ષી બોલે તેમાં વિશ્વાસ નથી. પણ સવારમાં વહેલા ઉઠવામાં છઙ્ઘટ્ઠિદ્બ મૂકેલી હોય તેની બોલતી રીંગ પર વિશ્વાસ હોય છે. જીવનમાંથી ફુરસદની બાદબાકી થઈ છે. સ્વભાવમાં કે મેળવામાં એક પ્રકારની નિખાલસતા નથી અને નકલીપણામાં જીવનની કળા ખોવાઈ છે. જીવનની કળા ખોવાઈ જાય ત્યારે માણસ વિચારહિન બની જાય છે, અસ્ત-વ્યસ્ત બનતો હોય છે. માણસ પરથી કેમ વિશ્વાસ ઉઠી ગયો છે ? ક્યારેક ખૂબ જ ઝીણવટથી ચહેરાનું નિરીક્ષણ કરશો ત્યારે ખબર પડશે કે માણસ પર કેમ વિશ્વાસ નથી ? માણસ પોતાની જાતથી અલગ થઈ ગયો છે. સાચ્ચી પદ્ધતિવાળું જીવન છોડીને દંભી નીતિ અપનાવી છે. માણસને સજીવ પર વિશ્વાસ નથી ! કોમ્પ્યુટરે દુનિયામાં ક્રાંતિ સર્જી છે. પરંતુ માણસનાં જીવનમાં ક્યારે ક્રાંતિનું સર્જન થશે ? ઘમી બધી શોધમાં ભૌતિકવાદ નથી પરંતુ એક ક્રાંતિકારી વિચાર છે. પરંતુ માણસ શોધખોળ કરનારની મજાક ઉડાવે છે એટલા માટે બધી બાબતને મનોરંજન સાથે જોડવામાં આવી છે. શોધખોળને જ્ઞાન સાથે જોડી દેવી જોઈએ. અલબત્ત, જીવનને કોઈ દિવસ બાંધી રાખશોનહીં પવનથી હવામાં ઝુલ્ફ ઉડે છે. તેવી રીતે ઉડવા દેજો તમારા પર કોઈ વિશ્વાસ મૂકે ત્યારે તેની ખીદમત કરજે. માણસ એકબીજા પર વિશ્વાસ કરવા માંડશે અને જીવને જે દિવસ નૈતિકતા સાથે જોડી દેવામાં આવશે અને જીવન હારવા માટે નથી પરંતુ ઈશ્વરે આપેલી અનમોલ ભેટ છે તેવું ગણીને જીવને ઉત્સવનાં રંગથી રંગવા માટે મહેનત કરશે અને વિશ્વાસનો સેતુ બાંધવાનો પ્રયાસ કરશે ત્યારે માણસ પોતાના મળ સુધી પહોંચવામાં સફળ થશે. નિખાલસપણાનાં સંબંધની સુગંધ લેવાનો આનંદ અનુભવી શકશો. કેવી હેરતભરી વાત છે કોમ્પ્યુટર પર આપણને વિશ્વાસ છે. પરંતુ બોલતા માણસની જીભ પર નથી. બેંકમાં પૈસા ગણતા કેશિયર પર ક્યારેક વિશ્વાસ બેસતો નથી. પરંતુ ગણયંત્ર પર વહેમ પડતો નથી. નિર્જીવયંત્ર પર વિશ્વાસ છે અને ઈશ્વરે બનાવેલા માણસ પર નહીં ! માર્કવેન ડોરેન ખાસું એવું અચ્છું પુસ્તક સંપાદિત કર્યું છે. પુસ્તકનું નામ 'વિચારક ઈમર્સન' છે. ઈમર્સનની કવિતા ધ્યાનથી સાંભળો. બુદ્ધિના સર્વ ઉપયોગમાં સવિશેષ તો જેનામાં જેનો અભાવ છે એની સાથેનું સહજીવન છે પ્રત્યેક પોતાના ઘરમાં નિરાંતે રહી શકે માટે તો પૃથ્વી આટલી વિશાળ છે. ફુલ મુક્ત રીતે ખીલે છે તેવી રીતે માણસનું જીવન ખીલતું નથી. પરંતુ જીવન ઘણા ખરાઓનો દુઃખનો ભારો બની ગયું છે. પૈસા પેદા કરવાની તાલાવેલીના કારણે જીવન પર કાટ બાજી ગયા છે. હૃદય પર કાટ બાજી જાય ત્યારે જીવન સુંદર બનાવવામાં ઘણા વરસો લાગી જાય છે. પૃથ્વી પર માણસ હાજર છે પણ માનવતાની માટે ભાગે ગેરહાજરી છે ! કેવી કડવી વાસ્તવિકતા છે આ દુનિયાની કે મંદિરનાં પગથીયે ચડતો માણસ બિન્દાસથી જૂઠ બોલતો હોય છે. પ્રાર્થનાના શબ્દોમાં પણ સ્વાર્થ પ્રગટ થતો હોય છે. પોતાની રીતે હૃદયમાં દીવો પ્રગટી ઉઠશે. એક પ્રકારની હૃદયમાં જ્યોતિ ફેલાશે. અંદર ભીનો ઉમળકો હશે અને માત્ર માણસ એક બીજાને કોઈ સ્વાર્થ વગર મળશે ત્યારે આ દુનિયામાં શાંતિ થઈ જશે સુખ વધી જશે અને દુઃખનો અસ્ત થઈ જશે. માણસ ખોટી સ્માર્ટનેસનાં ઉભરખામાં દટાઈ ગયો છે. માણસ પોતાના હૃદયમાં પ્રગટી રહેલા દીવાનું તે જ લેવાની શરૂઆત કરશે ત્યારે જીવનમાં નવી ક્રાંતિની શરૂઆત થશે એ ક્રાંતિનું નામ માનવતા હશે. માત્ર માનવતા...



**Cyber Octet™**

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ભજીયા, ગાંઠિયા અને હમેશા તળેલું ખાવા માટે તલપાપડ રહેતાં લોકો હજુ સમય છે સુધરી જજો, નહીંતર અફસોસ સિવાય કંઇ નહીં બચે

આપણે ઘણીવાર એવો શબ્દ ઉપયોગમાં લઈએ છીએ કે હૃદય એક ધબકારો ચુકી ગયું. હવે એવુ લાગે છે કે આ શબ્દનો ઉપયોગ વારંવાર કરવો પડે અને એ પણ મોટેભાગે અજુગતી ઘટનામાં. હવે નાની ઉમરે હૃદયના ધબકારા બંધ થઈ જાય છે. કોઈ વ્યક્તિ અચાનક ચિર નિંદ્રામાં પોઢી જાય. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક સ્થળોથી એવા કિસ્સા સામે આવ્યા છે જેમાં યુવાન વયે હૃદય થંભી ગયું હોય અને વ્યક્તિનું મૃત્યુ થયું હોય. કોઈ ગરબાની પ્રેક્ટિસ દરમિયાન અચાનક ઢળી પડે છે, કોઈ ક્રિકેટ રમતા રમતા બેભાન થઈ જાય છે. તો કોઈ ઓફિસ કે કારખાનામાં કામ કરતા કરતા ઢળી જાય છે, જેનું કારણ તપાસી ત્યારે માલૂમ પડે છે કે, હૃદયરોગના અચાનક હુમલાથી આ મૃત્યુને ભેટ્યો છે. વર્તમાનમાં વધતા હોર્ટ એટેકના બનાવને લઈ પદ્મશ્રી કોર્ડિયોલોજીસ્ટ ડો. તેજસ પટેલ સાથે ખાસ વાતચીત કરી છે. હર્દય સંબંધિત મનમાં ખુચતા કેટલાક સવાલોનો જવાબ મેળવ્યા છે.



### બહારના ખોરાકમાં શું રોટલી-શાક અને દાળ-ભાત પણ ન ખાવા જોઈએ?

